# પાલનપુર ભાજપ શાસિત પાલિકામાં ‘વિકાસ’ ઠેકડા મારવા માંડ્યો

વિકાસ ગાંડો થઈ ગયો છે. આજકાલ મીડિયા માં રાજકીય આક્ષેપ બાજી તેજ બની રહી છે. જીલ્લા મથક પાલનપુરમાં જાહેર માર્ગોની ભંગાર હાલત પર નજર નાખીયે તો પાલનપુરમાં વિકાસ તોફાની બની ગયો છે. પાલનપુર શહેર માં જાહેર રસ્તાઓ પર પડેલા હાડકા તૂટે તેવા ખાડાના ત્રાસથી પાલનપુર વાસીઓનો રોષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે.

પાલનપુર શહેરના જૂનાગંજ બજારથી ગઠામણ સર્કલ સુધી, ગુરુનાનકચોક, રેલવે ઓવરબ્રિજ, માલણ દરવાજા તેમજ પાલનપુર અંબાજી ને જોડતા મુખ્યમાર્ગો પર પડેલા અસંખ્ય ખાડાઓ ભ્રષ્ટાચારનો બોલતો પૂરાવો છે.પાલનપુર વાસીઓને પ્રાથમિક સુવિધા આપવામાં નિષ્ફળ ગયેલી પાલિકાના શાષનથી શહેરીજનો નારાજગી વ્યકત કરી રહ્યા છે.પાલનપુર શહેરમાં તૂટેલા ભંગાર રોડ પર વાહનચાલકોને જોખમી સવારી કરવી પડે છે. ત્યારે બહેરા પાલિકાના સત્તાધીશો હવે વિકાસ ના નામે પ્રજાની આંખમાં ધૂળ નાખી પોતેજ આંખમાં પટ્ટી બાંધી લીધી છે. પાલનપુર શહેરના હાર્દસમા વિસ્તાર ગણાતા ગુરુનાનકચોક, સિટીલાઈટ રોડ, તેમજ ગઠામણ દરવાજા સુધીના રોડ પર જીવલેણ ખાડાઓનું સમારકામ કરવામાં પણ ફુર્સત નથી.પાલનપુર શહેરમાં વિકાસ ખાડે ગયો છે તેની પાછળ પણ અનેક ચર્ચાઓ લોકમુખે થઈ રહી છે હાલમાં ભજપ શાષિત પાલિકામાં પ્રમુખ નીલમબેન જાણી છે. છતાં પણ વહીવટ પાલિકાના ઉપપ્રમુખ અશોક ઠાકોર કરતા હોવાની ચર્ચા પાલિકા સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ રહી છે. જેના લીધે રોડ કોન્ટ્રાકટર અને પાલિકાના સત્તાધીશો સરકારના કરોડો રૂપિયા રોડ બનાવામાં પાણી ની જેમ વાપરી નાખ્યા છે પાલનપુર શેરમાં ખાડે ગયેલા વિકાસથી પાલંપુએ વાસીઓનો ગુસ્સો પણ ચરમસીમાએ પહોંચ્યો છે.દરરોજ તૂટેલા અને ખાડા પડેલા રોડ પરથી પસાર થતા પાલનપુર વાસીઓ પણ પાલિકાના શાષનકર્તાઓના ગેરવહીવટથી નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.ઉલ્લેખનીય છેકે આગામી ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ભાજપના નેતાઓ એમના નવા નિશાળીયા નગરસેવકો ને વિકાસના પાઠ ભણાવાની તાતી જરૂર છે.







## તત્વ ઈજનેરી કોલેજમાં શ્રી ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી

મોડાસાની તત્વ ઈજનેરી કોલેજમાં ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ગણેશજીની મૂર્તિની વિધિવિધાન પૂર્વક સ્થાપના કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના સમગ્ર ટ્રસ્ટીગણ, આચાર્યશ્રી, સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉત્સવ દરમિયાન નિયમિત સવાર-સાંજ આરતી અને પ્રસાદ વહેંચણી કરવામાં આવતી હતી અને મહોત્સવના અંતિમ દિવસે ૧૦૮ દિવાની મહાઆરતી તથા મહાપ્રસાદનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું અને વાજતે ગાજતે ભગવાન ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન ગણપતિ બાપા મોરયાના જયઘોષથી વાતાવરણ ભક્તિમય બની ગયુ હતુ. સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર જયદત્તસિંહ પુવારે તમામ કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓને ગણેશ ઉત્સવની શુભકામનાઓ પાઠવી હતી.

### ગ્રામ પંચાયતોના દ્વારા રાખવામાં આવેલ કર્મચારી ભરતીને

# રાજ્ય સરકાર ગેરકાયદેસર ઠરાવે પંચાયતોના અધિકારો ઉપર એક વધુ તરાપ : રાજેન્દ્ર પારધી

ગાંધીનગર, તા. ૭

પંચાયતીરાજ અમલમાં આવ્યુ ત્યારથી ગ્રામ પંચાયતોને સુપ્રત થયેલ આવશ્યક સેવાઓ જેવી કે, પીવાનું પાણી પુરૂ પાડવુ, સફાઈ, જાહેર સ્થળોને જાળવણી, શૌચાલયની જાળવણી, દિવાબત્તીની સગવડ તેમજ કરવેરાની વસુલાત અંગેની કામગીરી જે તે સમયે પંચાયતોના ઠરાવ આધારે સ્થાનિક ભરતી કરી કર્મચારીઓને રોજમદાર અથવા તો હંગામી ધોરણે રોકવામાં આવેલા છે. અને તેઓનું પગાર ખર્ચ ગ્રામ પંચાયતના ભંડોળમાંથી પાડવામાં આવે છે. ઉપર જણાવેલ સેવાઓ આવશ્યક સેવાઓ હોવાથી સ્થાનિક કર્મચારીઓને રોકવામાં આવેલ છે જેના પરિણામે તેમના ઉપર પંચાયતોનું સંપૂર્ણ નિયંત્રણ રહે અને યોગ્ય રીતે કામગીરી લઈ શકાય.

અગાઉ સરકારે પંચાયત ફંડમાંથી નાણાં ઉપાડવા માટેના અધિકારો જે કાયદાથી ગ્રામ પંચાયતના સરપંચને આપવામાં આવેલ તેમાં પણ ફેરફાર કરી ત.ક. મંત્રીની સહી ફરજીયાત કરી અમલદાર શાહીને પ્રોત્સાહન આપી ચુંટાયેલા સરપંચના અધિકાર ઉપર તરાપ મારેલ છે.

તાજેતરમાં રાજ્ય સરકારે તા. ૯-૮-૧૭ના રોજ પરિપત્ર કરી ઉપર જણાવેલ કર્મચારીની ભરતીને ગેરકાયદેસર ઠરાવી તેમને છુટા કરવા ઠરાવેલ છે. જેના કારણે ગ્રામ પંચાયતોના સરપંચોમાં, કર્મચારી અને રોજમદારોમાં વ્યાપક અસંતોષ ફેલાયેલ છે અને આવી જગ્યા ઉપર આઉટ સોર્સીંગથી કર્મચારીઓને રોકવા જણાવેલ છે તે પણ પંચાયતોના અધિકારોમાં ચંચુપાત કરવા બાબત છે. સ્થાનિક કક્ષાએ વર્ષોથી ફરજ બજાવતા આવા કર્મચારીઓ હાલના તબક્કે છુટા કરી આઉટ સોર્સીંગથી કર્મચારી રોકવાનો સરકારનો નિર્ણય પ્રજાહિતની વિરૂદ્ધમા છે કારણ કે પંચાયત વિસ્તારમાં પ્રજાજનોને પંચાયત તરફથી આપવામાં આવતી આવશ્યક સેવાઓને આ નિર્ણયથી અસર થશે. ગ્રામીણ વિસ્તારમાં પીવાના પાણીની સુવિધા પુરી પાડવાની તથા સફાઈ અંગે કામગીરી અંગે પ્રજાજનો અગવડો પડશે તે બાબત ધ્યાને લેવામાં આવી નથી. રાજ્ય સરકારનો આ નિર્ણય પ્રજાજનોના હિતની વિરૂદ્ધ હોવાથી તે તાત્કાલિક રદ કરવામાં નહિ આવે તો કર્મચારીઓ સાથે પંચાયતોના હોદેદારો પણ આ નિર્ણય સામે અવાજ ઉઠાવશે અને જરૂર જણાય સરકાર સામે આંદોલનનો આશરો લેશે તેમ છતાં સરકાર આ અંગે પુનઃ વિચારણા નહિં કરે તો ન્યાયની કોર્ટમાં દાદ માંગવામાં આવશે તેવું પંચાયત પરિષદના અધ્યક્ષ રાજેન્દ્ર પારધીએ જણાવેલ છે.

# મોડાસા ખાતેથી મા નર્મદા મહોત્સવ યાત્રાનું પ્રસ્થાન

મોડાસા, તા. ૭

ગુજરાતની મહત્વાકાંક્ષી નર્મદા યોજનાનું કામ પૂર્ણ થતાં તેના જળ સિંચાઈ તેમજ પીવામાં પાણી તરીકે અરવલ્લી જિલ્લામાં પણ પહોંચવાના છે ત્યારે આ યોજના



સાકાર થતા તેની ઉપલબ્ધીઓની તેના લાભાર્થી ગામો અને ખેડૂતો સમક્ષ પણ પહોંચે તેવા શુભાશયથી રાજયમાં મા નર્મદા મહોત્સવ યાત્રાનો આજથી પ્રારંભ થયો છે સને રાજયના ૮૪ નર્મદયાત્રા રથ સાથે ૨૪ જિલ્લા, ૭ શહેરો અને રાજયના ૭૨૦૦થી વધુ ગામોને આવરી લેતી આ યાત્રા અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતેથી પણ પ્રસ્થાન કરવામાં આવી છે.

રાજયના વાહનવ્યવહાર પ્રધાન વલ્લભભાઈ કાકડીયાએ મોડાસામાં યોજાયેલ મા નર્મદા મહોત્સવ યાત્રા પ્રારંભ માટેના સમારોહમાં રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મહત્વાકાંક્ષી યોજના સાકાર કરવા કરેલા પ્રયાસો અને યોજનાથી થનારા લાભ, સિંચાઈ, પીવાના પાણીની ઉપલબ્ધી વગેરે બાબતો ઉપર પ્રકાશ ફેંક્યો હતો અને કાર્યક્રમના અંતે તેમણે વિધિવત પૂજાવિધિ દ્વારા મા નર્મદાના યાત્રા રથનું લીલી ઝંડી આપી રથનું પ્રસ્થાન કરાવ્યું ત્યારે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ, જિલ્લા કલેકટર સહિતના અધિકારીઓ, પાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ, જિલ્લા સંગઠનના ઉપપ્રમુખ જયેશભાઈ આર.પયેલ, મહેશભાઈ પટેલ તેમજ સર્વે પદાધિકારીઓ નેતા રાજુભાઈ પટેલ, યુવા મોરચાના પ્રમુખ પ્રશાંત પટેલ અને યુવા મોરચાના કાર્યકરો, માજી ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, બક્ષી પાંચ મોરચા પ્રમુખ ભીખાજી ડામોર, તાલુકા સંગઠન પ્રમુખ હસમુખભાઈ પટેલ, મોડાસા શહેર પ્રમુખ જગદીશ ભાવસાર, મેઘરજ પ્રમુખ એન.કે. પટેલ,જિલ્લાના સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ, ભીખુસિંહ પરમાર વગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંઝા રેલવે સ્ટેશનના માર્ગો પર મસમોટા ગાબડા

ઊંઝા, તા. ૭

વેપારીમથક અને યાત્રાધામ ઊંઝા શહેરના રેલવે સ્ટેશન તરફના રોડ પર છેલ્લા કેટલાક સમયથી મસમોટા ખાડાઓ પડી જતાં વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે.

શહેરમાં સરદારચોકથી રેલવે સ્ટેશન તરફના જાહેર માર્ગ પર ચોમાસા દરમિયાન રોડ તુટી જતાં ઠેર ઠેર નાના મોટા ખાડાઓ પડી ગયા છે. આ મોટા ખાડાઓમાં પાણી પણ ભરાયેલુ રહે છે. આ રોડ છેલ્લા કેટલાક સમયથી સાવ બિસ્માર હાલતમાં મુકાઈ ગયેલ છે. જેથી અત્રેથી પસાર થતા વાહનો ખાડાઓમાં પટકાઈ રહ્યા છે. જેના કારણે વાહનચાલકો તેમજ વાહનોમાં બેઠેલ મુસાફરોને નાની મોટી ઈજાઓ થતી હોવાનું કહેવાય છે. આ રસ્તા પર માર્કેટયાર્ડમાં પ્રવેશવાનો ગેટ આવેલ છે. આ રોડની મરામત માટે જવાબદારતંત્ર દ્વારા ઘોર બેદરકારી દાખવવામાં આવી રહી છે. અને બિસ્માર રોડની મરામત કરાતી નથી.

આવી જ સ્થિતિ હાઈવે પર એ.પી.એમ.સી. સર્કલ પાસે બની છે. ચોમાસામાં આ હાઈવે રોડ પર મોટા ખાડાઓ પડી ગયા હતા. જેમાં માર્ગ મકાન વિભાગ તરફથી ડામર અને કપચી નાંખીને ખાડા પુરવાનુ નાટક કરાયું છે. જેથી આ રોડ ઉબડખાડબ બની જતાં વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. રસ્તાઓની મરામતના કામે તંત્રોની ઘોર નિષ્ક્રિયતાથી શહેરીજનો અને વાહનચાલકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

# શ્રીનાથ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી મોડાસાને ૨૦મી વર્ષગાંઠ નિમિત્તે સેવાકીય પ્રવૃત્તિ

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર માં આવેલી શ્રીનાથ કો.ઓપ.ક્રેડિટ સોસાયટીના ૨૦ વર્ષ પૂર્ણ થતા મોડાસા શહેરમાં વિવિધ સેવાકીય પ્રવુત્તિઓ હાથ ધરવામાં આવી હતી. જેમાં શિક્ષણદિનની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પ્રોત્સાહક ઈનામ અને પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે શિક્ષણદિનની ઉજવણી અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી બાળકોને પ્રોત્સાહક ઈનામ આપ્યા હતા. સરસ્વતી બાલ મંદિર મંડળના પ્રમુખ નિલેશભાઈ જોશી અને તેમની ટીમે શ્રીનાથ કો.ઓપ. ક્રેડિટ સોસાયટીના ચેરમેન સુરેન્દ્રભાઈ શાહ, વા. ચેરમેન ડૉ. મુકેશ ધુંવાડ,




બ્લડ ડોનેશન કેમ્પ અને થેલેસેમિયા ચેકીંગ જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સરસ્વતી બાલમંદિર મંડળ દ્વારા ૨૦ વર્ષ પુર્ણ થતા શ્રીનાથ કો.ઓપ.ક્રેડિટ સોસાયટીના હોદ્દેદારોને સન્માન પત્ર આપ્યું હતું.

મોડાસાની શ્રીનાથ કો.ઓપ.ક્રેડિટ સોસાયટી દ્વારા ૨૦ વર્ષ પ્રગતિસભર પૂર્ણ થતા ઉજવણી કરવામાં આવી હતી જેમાં શિક્ષણદિન નિમિત્તે વી.એસ. શાહ વીરેન શાહને સન્માન પત્ર આપી શુભેચ્છા પાઠવી હતી. તદુપરાંત સર. પી.ટી. સાયન્સ કોલેજમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૨૭ વિદ્યાર્થીઓએ બ્લડ ડોનેટ કર્યુ હતુ અને તમામ વિદ્યાર્થીઓનું મફત થેલેસેમિયા નિદાન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે કોલેજ મંડળના પ્રમુખ નવીન મોદી. ડૉ. ઘનશ્યામ શાહ અને કોલેજ પ્રિન્સિપાલ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

# વાત્રક નદીમાં નાહવા પડેલ યુવકનો મૃતદેહ મળ્યો

મેઘરજ, તા. ૭

અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરમાં મંગળવારના રોજ ગણપતિ વિસર્જનની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી અને આ શોભાયાત્રામાં ગણપતિબાપાની મૂર્તિનુ મેઘરજના પોલીસ સ્ટેશન પાસે આવેલ વાત્રક નદીમાં વિસર્જન કરવામાં આવે છે ત્યારે મંગળવારના રોજ ગણેશ વિસર્જન પૂર્વે સાંજના સમયે ડબગરવાસનો એક ૩૨ વર્ષીય યુવક ભરત હીરા ડબગર વાત્રક નદીમાં નાહવા પડ્યો હતો. તે દરમિયાન તે ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં નદીમાં ડૂબ્યો હતો તે અંગેની જાણ મેઘરજ પોલીસ અને મામલતદારને કરાઈ હતી અને સ્થાનિક તરવૈયાઓ ધ્વારા આ ઈસમની નદીમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

પરંતુ નદીમાં ડુબેલ ઈસમ પાણીમાંથી મળી આવ્યો ન હતો અને વહેલી સવારે નદીમાં ડુબેલા ઈસમનો મૃતદેહ ફુલી નદી કીનારે આવી ગયો હતો જેની જાણ મેઘરજના ઈસમોને થતાં લોકોના ટોળે ટોળા નદી કીનારે ઉમટ્યા હતા જેમાં મેઘરજ મામલતદાર અને પોલીસની હાજરીમાં મેઘરજના એક અકબર નામના ઈસમે નદીમાંથી મૃતદેહને બહાર કાઢયો હતો અને પોલીસે પંચનામુ કરી પીએમ સહીતની આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ લીબલા ડેમમાં પાણી ભરાતાં વાજતે-ગાજતે વધામણાં

### ધારાસભ્ય સહિત ગ્રામજનો ખેડૂતોએ નવા નીરના વધામણા કર્યા : પાણી ભરતાં ૩૫ ગામોના બોર કૂવા રીચાર્જ થશે

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના લીબલા ખાતે આવેલ લીબલા ડેમ છેલ્લાં અગિયાર વર્ષથી સિંચાઈના પાણી સહિત સમસ્યાઓ ઉભી થઈ હતી જેને લઈને ગામજનો દ્વારા પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ ગ્રામજનો તથા ખેડૂતો દ્વારા કતપુર ખાતે આવેલ મહાકાલી મંદિર ખાતે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાનો સન્માન સમારોહ રાખ્યો હતો. જેમાં



ખાલી હોવાથી ખેડૂતોની રજુઆતોને લઈને ધારાસભ્ય દ્વારા વિધાનસભામાં લેખિતમાં રજુઆતો કરવામાં આવતાં રજુઆતો રંગ લાવી હતી.

પ્રાંતિજના લીબલા ખાતે આવેલ અંગ્રેજોના સમયમાં બનાવેલ ડેમ છેલ્લા અગિયાર વર્ષથી સુજલામ સુફલામ કેનાલને લઈને ખાલીખમ રહેતો હતો અને આજુબાજુના આવેલ ૩૫ ગામોને બારૈયાને રજુઆતો કરવામાં આવતાં ધારાસભ્ય દ્વારા વિધાનસભામાં તથા લેખિતમાં રજુઆતો કરવામાં આવતાં ૧૦ કરોડ મંજુર કરાવી સાઈફન બનાવી ગેટ મુકી ડેમમાં પાણી નાખવાની રજુઆતો કરી હતી અને કામ પુરૂ થતા ચાલુ સાલે વરસાદ પડતાં ડેમની સપાટી ૨૪ ફુટમાંથી ૧૨ ફુટ સુધી પાણી ભરતાં ખેડૂતોમાં ખુશી જોવાં મળી હતી અને લીબલા, કતપુર સહિતના ૩૫ ગામોના મહેન્દ્રસિંહ બારૈયા સહિત કોંગ્રેસના જીલ્લા પ્રમુખ મણીભાઈ પટેલ, શહેર પ્રમુખ અમરીશભાઈ પટેલ, તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, સુરેશભાઈ રાઠોડ, વિષ્ણુભાઈ પટેલ, બેચરસિંહ રાઠોડ સહિત તાલુકા પંચાયત સહિત ઉપસ્થિત કોંગ્રેસના આગેવાનોનું ગ્રામજનો ખેડૂતો દ્વારા ફુલહાર પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતુ.

# લાટીવાળા કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી થઈ

મોડાસા, તા. ૭

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલીત એમ.કે. શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. કોલેજમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે શિક્ષક એ સમાજની ધરોહર છે. આજે નિયમાનુસાર વર્તે એવા શિક્ષક કરતાં નિષ્ઠાવાન શિક્ષકની દેશને વધારે જરૂર છે. તેમણે પ્રશિક્ષણાર્થીઓને ઉત્તમ શિક્ષક બનવા ઉપર ભાર મુક્યો હતો.

તાલીમાર્થીઓએ ચિંતન બાળગીત, બાળવાર્તાઓ, દિનવિશેષમાં ડૉ. રાધાકૃષ્ણ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. ભૂતપૂર્વ તાલીમાર્થી અને હાલ વડોદરા જિલ્લામાં નોકરી કરતાં અવીનાશ પટેલે કોલેજની વિશેષતા વિશે વાત કરીને શિક્ષક તરીકે સફળ થવા માટે, કોલેજનો આભાર માન્યો હતો. આ કોલેજ મારૂ સાચા અર્થમાં ઘડતર કર્યુ છે તેમ તેમણે જણાવ્યું હતું. કેળવણી મંડળના પ્રમુખ નવીન મોદી તથા પ્રભારી મંત્રી સુભાષ શાહે શુભેચ્છાઓ પાઠવી હતી. તાલીમાર્થી રંજનબેને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું તથા દીપક રાવલે આભાર વ્યક્ત કર્યો હતો.

# કડી ખાતે મા નર્મદા મહોત્સવ યાત્રાનો શુભારંભ

મહેસાણા, તા. ૭

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે ‘નર્મદા




મહોત્સવ યાત્રા’નો કડી ખાતેથી શુભારંભ કરાવ્યો હતો. મા નર્મદાના જળને વધાવવા માટે જિલ્લાના ૩૪૧ ગામડાંઓને આવરી લેતી આ નર્મદાયાત્રા આજથી ગામડે-ગામડે ફરી નાગરિકોને નર્મદાજળની વધામણી આપશે અને તેનું મહત્વ સમજાવી પાણીના ટીપે-ટીપાની બચત કરવાનો સંદેશો જનતાને આપશે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની જીવાદોરી સમાન ગણાતા નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની મંજૂરી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મળેલ. આ ઐતિહાસિક નિર્ણયથી ગુજરાત રાજ્યને અનેક ગણા લાભો જેવા કે ખેતીલાયક પૂરતું પાણી, શહેરો તથા ગામડાઓ માટે પીવાના પાણી અને તેની સાથે સાથે પાણીથી વીજળીના ઉત્પાદનમાં પણ વધારો થયો છે. જેનો લાભ ગુજરાતની ૪ કરોડથી પણ વધુ પ્રજાને મળનાર છે. ખેતરે-ખેતરે પહોંચેલા નર્મદાના પાણીથી રાજ્ય તમામ ક્ષેત્રના વિકાસમાં અગ્રેસર બન્યું છે.